સુરત-તાપી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.

પો. બો. ૫૦૧, સુમુલ ડેરી, સુરત-૩૯૫ ૦૦૮ (ગુજરાત)

www.sumul.coop ફોન : ૦૨૬૧-૨૫૩૭૬૯૩, ૬૭૧૦૨૦૦, ૨૫૩૧૬૬૬, ૨૫૩૧૧૩૭, ઈ-મેઈલ : root@sumul.coop

એપ્રેન્ટીસ જોઈએ છે

(સપ્ટેમ્બર / ઓક્ટોબર - ૨૦૨૬ના સત્ર માટે)

સંસ્થા દ્વારા નીચે દર્શાવેલ ટ્રેડ/વિભાગોમાં એપ્રેન્ટીસ એક્ટ-૧૯૬૧ તથા એપ્રેન્ટીસ એક્ટ (એમેન્ડમેન્ટ)-૧૯૬૧ હેઠળ એપ્રેન્ટીસ તરીકે તાલીમ લેવા ઈચ્છુક અને લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

૧. એપ્રેન્ટીસ એક્ટ-૧૯૬૧ હેઠળ

ટ્રેડનું નામ	શૈક્ષણિક લાયકાત
ફીટર / વાયરમેન / રેફ્રિજરેશન અને એર કન્ડીશનિંગ મિકેનિક/ ઇન્સ્ટ્રુમેન્ટ મિકેનિક / વેલ્ડર	ધો. ૯/ ૧૦ પાસ + આઈ.ટી.આઈ. પાસ
લેબોરેટરી આસીસ્ટન્ટ	બી.એસસી. (કેમિસ્ટ્રી) પાસ તથા કમ્પ્યુટરનું જ્ઞાન

૨.એપ્રેન્ટીસ એક્ટ (એમેન્ડમેન્ટ)-૧૯૬૧ હેઠળ

ટ્રેડનું નામ	શૈક્ષણિક લાયકાત
એન્જિનિયરિંગ - ઇલેક્ટ્રિકલ / મિકેનીકલ / સિવિલ / ઇલેક્ટ્રોનિક્સ/ ઇન્સ્ટ્રુમેન્ટેશન / કોમ્પ્યુટર	ડિપ્લોમા / ડીગ્રી હોલ્ડર
લેબોરેટરી આસીસ્ટન્ટ	બી.એસસી. (કેમિસ્ટ્રી / માઇક્રોબાયોલોજી)
ડેરી ટેકનોલોજી	બી.ઈ. / બી.ટેક. (ડેરી ટેકનોલોજી) પાસ તથા ૪ વર્ષનો અભ્યાસ પૂર્ણ કરેલ હોવો જોઈએ.

મહત્વપૂર્ણ: ઉપરોક્ત ડિપ્લોમા/ડિગ્રી તથા B.Sc. લાયકાત માટે અભ્યાસ પૂર્ણ કર્યા બાદ 5 વર્ષથી વધુ સમય થયેલો ન હોવો જોઈએ.

ઓનલાઈન અરજી અંગે ઉપર મુજબની લાયકાત અને ઇચ્છા ધરાવતા ઉમેદવારોએ તા.૧૭/૧૦/૨૦૨૬ થી તા.૨૩/૧૦/૨૦૨૬ના રાત્રે ૧૨:૦૦ કલાક સુધી careers.sumul.coop વેબસાઈટ પર જઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે.

ઉમેદવારે અરજી કરતા પહેલાં સંબંધિત Apprentice Registration Number મેળવવો ફરજિયાત છે.

» આઈ.ટી.આઈ. / બી.એસસી. (કેમિસ્ટ્રી) પાસ ઉમેદવારો માટે:https://www/apprenticeshipindia.gov.in

» ડિપ્લોમા / ડિગ્રી હોલ્ડર (એન્જિનિયરિંગ / ડેરી ટેકનોલોજી) તથા બી.એસસી. (કેમિસ્ટ્રી / માઇક્રોબાયોલોજી) ઉમેદવારો માટે:https://nats.education.gov.in

પ્રથમ ઉપરોક્ત વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરી Apprentice Registration Number મેળવ્યા બાદ જ careers.sumul.coop વેબસાઈટ પર એપ્રેન્ટીસ ભરતી માટે ઓનલાઈન અરજી કરી શકાશે. રસ ધરાવતા ઉમેદવારોએ ઓનલાઈન અરજી કરેલ કોપી, Apprentice Registration Code Number ની કોપી તથા શૈક્ષણિક લાયકાતના એટેસ્ટેડ (પ્રમાણિત) સર્ટિફિકેટો સાથે સંસ્થા દ્વારા નીચે જણાવેલ સ્થળ, તારીખ તથા સમય દરમિયાન પોતાના સ્વખર્ચે રૂબરૂ હાજર રહેવાનું રહેશે.

તારીખ	સમય	સ્થળ
૨૪-ઓક્ટોબર -૨૦૨૬ (શનિવાર)	સવારે ૧૦:૦૦ થી બપોરે ૦૨:૦૦ કલાક સુધી	ઓડીટોરીયમ હોલ, સુમુલ ડેરી, સુરત

નોંધ

1. **તાલીમ પૂર્ણ થયેથી તાલીમાર્થીઓને સંસ્થામાં કાયમી નોકરી માટે કોઈપણ પ્રકારની બાંહેધરી આપવામાં આવતી નથી.**
2. **તાલીમની મુદત એપ્રેન્ટીસ એક્ટ મુજબની રહેશે.**
3. **સ્ટાઈપેન્ડ એપ્રેન્ટીસ એક્ટ મુજબ ચુકવવામાં આવશે.**



મેનેજિંગ ડિરેક્ટર
સુમુલ ડેરી, સુરત

ટાઈટલ ક્લીયર અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ સુરત, સબ–ડીસ્ટ્રીકટ તાલુકા ઓલપાડ, **મોજે ગામ : ઈશનપોર,** જેનો **બ્લોક નં. ૩૩૩/પૈકી ૧,** સર્વે નંબર : ૨૦/૨–૨૧–૨૨–૨૩–અ–બ વાળી જુની શરતની ખેતીની જમીન કે જેનું ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ હે.આરે. ૩–૯૩–૭૬ ચો.મી. પૈકી ૭/૧૨ મુજબના તમામ માલિકી દ્વારા તારીખ : ૧૧/૦૭/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ તે વહેંચણ કરાર મુજબ વણ–વહેંચાયેલ હિસ્સાની દક્ષિણ–પશ્ચિમ દિશા તરફની તેમના કબજા ભોગવટાની જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે. ૦–૬૦–૮૫ ચો.મી. વાળી જમીનના માલિક ૭/૧૨ મુજબ **પાર્વતીબેન તે હરિભાઈ દયાળભાઈની છોકરી અને અમરતભાઈ નાગરભાઈ પટેલની વિધવા** ની સ્વતંત્ર માલિકી કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થા હેઠળની હોવાનું જણાવી સદર મિલકત અંગેના ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની હમારી પાસે માંગણી કરેલ છે.

સબબ આથી જાહેર જનતાને જણાવવાનું કે, સદર જમીનમાં કોઈપણ વ્યક્તિ, સંસ્થા, મંડળી, બેંક કે અન્ય કોઈનો કોઈપણ જાતનો હકક હિત હિસ્સો, લાગભાગ, અલાખો, અધિકાર, લીઝ પેન્ડનસ, લીયન કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી–પોષાકી, જામીનગીરી, ચાર્જ–બોજો, દર–દાવો, કબજો, સાટાખત, બાનાખત, વારસાઈ હકક વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી તેમણે દસ્તાવેજી પુરાવાઓ સહિત **દિન–૭** માં નીચે દર્શાવેલા સરનામે લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થયેથી સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હકક–હિત–હિસ્સો, દરદાવો નથી અને જો હોય તો તે જતો યાને ''વેવ'' કર્યો છે. તેવું ગણીને ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે ત્યારબાદ ભવિષ્યમાં તે અંગે કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર, વાંધો વિરોધ, દર–દાવો વિગેરે ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ડૉ. મેહુલ બી. સોનાણી એડવોકેટ

ઓફિસ : ૨૦૧, ૨૦૨, રાધેશ્યામ શોપીંગ સેન્ટર, સોનાણી દાંતના દવાખાના ની ઉપર, સીંગણપોર ચાર રસ્તા, વેડ રોડ, સુરત. મો. ૯૩૭૭૭ ૨૭૧૫૩

મોજે લીંગડ, તા. પલસાણા, જી. સુરતના બ્લોક નંબર ૧૫ વાળી જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીક્ટ, તા. પલસાણાના મોજે ગામ લીંગડના રેવન્યુ સર્વે નંબર ૧૧, બ્લોક નંબર ૧૫, ક્ષેત્રફળ ૦ હેક્ટર – ૪૧ આરે – ૪૮ સ.ચો.મી. આકાર રૂા.૫–૬૨ વાળી ખાતા નંબર ૭૫ થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન મહેસુલી ૭/૧૨ ના રેકર્ડમાં માલિકી હકે (૧) હસમુખભાઈ લલ્લુભાઈ નાયક, (૨) કીરીટભાઈ દોલતભાઈ, (૩) પ્રકાશભાઈ દોલતભાઈ, (૪) રાજેશકુમાર દોલતભાઈ, (૫) સોનલબેન રમેશભાઈ તે સુનિલભાઈની પત્ની, (૬) કોમલબેન રમેશભાઈ તે અંકુરભાઈની પત્ની, (૭) મયુરકુમાર રમેશભાઈ નાયક, (૮) સીમાબેન રમેશભાઈ તે શીવમભાઈની પત્ની, (૯) રાહુલ બાબુભાઈ નાયક, (૧૦) સુમિત્રાબેન બલ્લુભાઈ નાયક, (૧૧) મુદુલાબેન બલ્લુભાઈ નાયકની પુત્રી તે સુનિલભાઈ દેસાઈની પત્ની તથા (૧૨) મેહુલભાઈ બલ્લુભાઈ નાયકના નામે ચાલી આવેલ છે. તેમણે મજકુર જમીન મારા અસીલને પ્રત્યક્ષ કબજા સહિત તથા તમામ બોજારહિત વેચાણ આપવા નક્કી કરેલ છે. મજકુર જમીન પર ઉપરોક્ત માલિકો સિવાય કોઈપણ વ્યક્તિ, સંસ્થા કે બેન્કના કોઈપણ પ્રકારના હક, હિત, હિસ્સો, કલેઈમ, લેણું, ચાર્જ, બોજો લીઅન, ઈઝમેન્ટ, સાટાખત કે સમજુતી રૂએના હક વગેરે હોય તો આ નોટીસની પ્રસિધ્ધીથી દિન–૭ માં નીચે સહિ કરનારને તે અંગે લેખીતમાં પુરાવા સહિત જાણ કરવી. મુદત વીત્યે કોઈના કોઈપણ પ્રકારના હક નથી અને હોય તો તે છોડી દીધાં છે તેમ ગણી મારા અસીલ મજકુર જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. મુદત બાદની તકરાર ધ્યાને લેવાશે નહિ કે મારા અસીલને બંધનકર્તા રહેશે નહિ તેની લાગતાં વળગતા સરવેએ નોંધ લેવી.

સુરેશ સાદકવાલા, કશ્યપ એસ. સાદકવાલા

તે ખરીદનારના એડવોકેટસ

૧૨૪–૧૨૫–૧૨૬, સીગાપુરી વાડી, સલાબતપુરા, સુરત.

જાહેર ચેતવણી

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડિસ્ટ્રીકટ સબ–ડિસ્ટ્રીકટ તાલુકો બારડોલીના **મોજે ગામ વડોલી** ના **સર્વે/બ્લોક નં. ૫૧૪** વાળી જુની શરતની જમીન કે જેનું ક્ષેત્રફળ સુમારે હે.આરે.ચો.મી. ૦–૦૯–૧૧ ચાલી આવેલ છે. તે જમીનના માલિક મુખત્યાર તથા કબજેદાર માયાબેન દોલતરાય વશી તથા કૌશિકકુમાર દોલતરાય વશી ચાલી આવેલા. જે પૈકી કૌશિકકુમાર દોલતરાય વશીનું તા.૧૬–૧૨–૨૦૧૮ ના રોજ અવસાન થયેલું. પરંતુ તેઓએ તેઓના અવસાન અગાઉ એક વીલ યાને વસીયતનામું તા.૨૯–૧૧–૨૦૧૮ ના રોજ કરેલું. સદર વિલમાં તેઓએ પોતાની ઉપરોકત જમીનમાં રહેલ વણ–વહેંચાયેલ ૧/૨ હિસ્સો તેઓની પત્ની યાને અમારા અસીલણ બીના કૌશિક વશી નાઓને મળે તે મુજબનું ફરમાન કરેલું. આમ, સદર કૌશિક દોલતરાય વશીના સ્થાવર તથા જંગમ તમામ મિલકતોના માલિક મુખત્યાર વિલના રૂએ તેઓની પત્ની બીના કૌશિક વશીએ નાઓ થયેલા. પરંતુ હાલમાં અમારા અસીલણને એવી જાતમાહિતી મળેલ છે કે, સદર જમીન બાબતે અમારા અસીલણની જાણ અને સંમતિ વિના મર્હુમ કૌશિક દોલતરાય વશીની પ્રથમ પત્ની નામે માલતીબેન તે ઠાકોરભાઈ દેસાઈની દિકરી તથા તેના પુત્ર જય અને ચિંતન ખોટી રીતે સદર ઉપરોકત જમીનના પોતે માલિક મુખત્યાર થયેલ હોય તે રીતે વેચાણ કરવાની પેરવી કરી રહેલ છે. તેમજ તેના ભાગરૂપે અગાઉ તેઓએ સદર જમીનના રેવન્યુ રેકર્ડમાં તદન ખોટી અને ઉપજાવી કાઢેલી વારસાઈ નોંધ પડાવેલી. જે નોંધ ત્યારબાદ નાયબ કલેકટર બારડોલી, પ્રાંત નાઓએ તેઓના તા.૦૯–૦૫–૨૦૨૫ ના રોજના હુકમને આધિન રદ કરેલી. આમ, સદર જમીનમાં અમારા અસીલણનો વણ–વહેંચાયેલ ૧/૨ હિસ્સો ચાલી આવેલ હોય સદર જમીન બાબતે અમારા અસીલણની જાણ અને સંમતિ વિના કોઈપણ વ્યકિત, સંસ્થા કે ઈસમે સદર જમીન બાબતે કોઈપણ પ્રકારના વેચાણ, તબદીલ, બક્ષિસ, ગીરો, ટ્રાન્સફર, કે અન્ય કોઈપણ પ્રકારના વ્યવહારો કરવા નહિ, અન્યથા તેઓને કોઈપણ પ્રકારના ટાઈટલો પ્રાપ્ત થશે નહિ અને શુધ્ધબુધ્ધિ તરીકેના કોઈપણ પ્રકારના લાભો મળશે નહિ તેમજ તેવા વ્યકિત, ઈસમ, સંસ્થા વિરૂધ્ધ અમારા અસીલ કાયદેસરની દિવાની તેમજ ફોજદારી રાહે કાર્યવાહી કરશે અને દાવા–દુવીના પ્રકરણમાં સંડોવવું પડશે. જેના ખર્ચ અને પરિણામની સંપુર્ણ જવાબદારી જે–તે વ્યકિત, ઈસમ કે સંસ્થાની રહેશે. જેની ગંભીરપણે નોંધ લેશોજી. તા. ૧૬/૧૦/૨૦૨૬

ઠેકાણું : ૧૦૪–૧૦૭, પહેલા માળે, ખટોદરા શોપીંગ સેન્ટર બીલ્ડીંગ, સબજેલ પાછળ, સુરત.

લિ. દર્શન પી. ગજ્જર

તે બીના કૌશિક વશીના એડવોકેટ

મોજે : વરાડ, તા. બારડોલીનાં સર્વે નંબર : ૬૮૭/૧, બ્લોક નંબર : ૧૩૦૮ વાળી ખેતીની જમીનનાં વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, સબ–ડીસ્ટ્રીકટ બારડોલીનાં **મોજે : વરાડની સીમમાં આવેલ સર્વે નંબર : ૬૮૭/૧, બ્લોક નંબર : ૧૩૦૮** ની **ક્ષે. હે. ૦–૮૪–૯૮ ચો.મી.,** આકાર રૂા. ૧૦.૫૬ પૈસાથી નોંધાયેલી જુની શરતની જરાયત જમીન **ઉજજવલભાઈ ભીખુભાઈ શાહ** રહે : હનુમાન ફળિયું, સાતેમ, જી. નવસારી તથા **પ્રતાપભાઈ નરસંગભાઈ પરમાર** રહે : ૯૪–૯૫, વાડીયા નગર સોસાયટી, ગાળા ટાઈપ, અડાજણ રોડ, સુરતનાંઓની સહીયારી માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની ચાલી આવેલ છે. જેઓએ સદરહુ જમીનનાં ટાઈટલ ચોખ્ખા, કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે જેથી ઉપરોકત જમીનમાં અન્ય કોઈનાં કાંઈપણ પ્રકારનાં લાગ ભાગ, દરદાવો, હકક, હિસ્સો, હિત, સબંધ, ખાધાખોરાકી યા લીયન નાં હકકો યા ઈઝમેન્ટ નાં હકકો યા બેંક, મંડળી, સંસ્થા, રાજય સરકારનાં કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય યા વેચાણ વિરૂધ્ધ વાંધો હોય તો તેમણે આધારભુત લેખીત પુરાવા સહીત આ નોટીશ પ્રસિધ્ધિથી દિન –૭ માં હમોને લેખીત માં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવા કોઈ હકક, વાંધા રજુ થશે નહીં તો કોઈના હકક દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે યાને વેવ કર્યા છે, તેવુ માની હમારા અસીલ અવેજની રકમ ચુકવી સદરહુ જમીન અંગેના બાનાખત/સાટાખત રજી. વેચાણ દસ્તાવેજ તેમજ આનુષાંગીક પાકા લખાણો કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં જમીનનાં ટાઈટલ અંગે કોઈની કાંઈપણ તર–તકરાર તથા વાંધા ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

પિયુષ ડી. પરમાર

એડવોકેટ એન્ડ નોટરી

ઓફિસ : ૧૧૫–૧૧૬, ગોલ્ડન પ્લાઝા, કામરેજ ચાર રસ્તા, કામરેજ, સુરત. મોબાઈલ નં. ૯૯૦૯૧ ૬૨૫૫૩

ટાઈટલ નોટીસમાં સુધારો

આથી જાહેર જનતાને જણાવવાનું કે તા.૨૫-૯-૨૦૨૬ ના ગુજરાતમિત્ર માં મોજે બમરોલી, શિવ ઈન્ડસ્ટ્રીઝ વિ-૨ પ્લોટ નં. ૬૯ વાળી જાહેર નોટીસ પ્રસિધ્ધ થઈ હતી જેમાં શરતચૂકથી વેચાણ દસ્તાવેજ રજી.નં. ૫૯૮ તા.: ૧૫.૦૧.૨૦૦૫ ની અસલ રજીસ્ટ્રેશન રસીદ છપાયુ હતું જેના બદલે હવે **અસલ વેચાણ દસ્તાવેજ નં. ૫૯૮ તા.:૧૫.૦૧.૨૦૦૫** એમ સુધારીને વાંચવું અને સમજવું.

નિશીથ કે. સુખડવાલા (એડવોકેટ) સુરત.

મોજે વરીયાવ ના બ્લોક નંબર ૬૦૮ વાળી ખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

જીલ્લા સુરત ના તાલુકા કતારગામ ના ગામ **મોજે વરીયાવ** ના **ખાતા નંબર ૫૯૯,** રેવન્યુ સર્વે નંબર ૬૭૪, **બ્લોક નંબર ૬૦૮** વાળી કુલ્લે હે. આરે. ૧–૫૬–૯૭ ચો.મી. અને આકાર રૂા. ૧૮.૩૧ પૈસા ધરાવતી ગણોતધારા કલમ ૪૩ ને આધીન નવી શરતની ખેતીની જમીન તેના મુળ ખેડુત/ માલિક/ કબજેદાર **અમૃતભાઈ ગોવનભાઈ** નાની સ્વતંત્ર માલીકીની ચાલી આવેલ છે. સદરહું જમીન તેઓની સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા, વહીવટ–વ્યવસ્થા, ભોગવટાની તેમજ નકરજી, નબોજી ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી તમામ પ્રકારના બોજા રહિત જરૂરી કાયદેસરની પરવાનગીઓ મેળવી આપવાની શરતે અમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. જેથી સદરહું જમીન ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હકક/હિસ્સા, દર/ દાવા, જપ્તી, અવલ/જપ્તી, લેણું–બોજા, સોદા, સાટાખત, પાવર ઓફ એટર્ની યા કોઈ કોર્ટ પ્રકરણો વિગેરે હોય, તો તેમણે કાયદેસરના લેખીત પુરાવા સહીત દીન–૭ માંતે અંગેની સંપુર્ણ ખાત્રી રૂબરૂ મળી હમોને કરાવવી. મુદત વિત્યા બાદ સદરહું જમીનમાં કોઈના કોઈપણ પ્રકારના હિત, સબંધ, હક, હિસ્સા કે લાગભાગ, દર/દાવા વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે. એમ માની લઈ મારા અસીલ મજકુર માલિક સાથે વેચાણ અંગેના વ્યવહારો કરી, જરૂરી કાયદેસરના લખાણો મજકુર માલીક પાસેથી કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર તકરાર, વાંધો, વિરોધ ચાલશે નહી, તેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી. તા. ૧૬/૧૦/૨૦૨૬

૨૧૩, રાજદીપ કોમ્પલેક્ષ, સીગણપોર ચાર રસ્તા, વેડરોડ, કતારગામ રોડ, સુરત. મો.નં. ૯૭૩૭૩ ૭૪૩૭૨

દિનેશ ડી. લખાણી

(એડવોકેટ)

(અસીલની સુચના અને ફરમાઈશથી)

મોજે નરથાણ ના બ્લોક નંબર ૩૩૩ વાળી ખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

જીલ્લા સુરત ના તાલુકા ઓલપાડના ગામ **મોજે નરથાણ** ના રેવન્યુ સર્વે નંબર ૩૧૯, બ્લોક નંબર ૩૩૩ વાળી હે. આરે. ૧–૩૨–૫૪ ચો.મી. અને આકાર રૂા. ૧૪.૬૨ પૈસા ધરાવતી બીનખેતી પ્રીમીયમપાત્ર ખેતીની જમીન તેના મુળ માલિક/કબજેદાર **જગદીશભાઈ નરોત્તમભાઈ, વસુમતીબેન તે સુખદેવભાઈ નરોત્તમભાઈ પટેલની વિધવા, કલ્પેશકુમાર સુખદેવભાઈ, જીગ્નેશકુમાર સુખદેવભાઈ, સુમનબેન તે મણીલાલ નરોત્તમભાઈ પટેલની વિધવા, યોગેશભાઈ મણીલાલ પટેલ, નરેશભાઈ મણીલાલ પટેલ તથા અરૂણાબેન મણીલાલ પટેલ** નાઓની સંયુકત માલિકીની ચાલી આવેલ છે. સદરહું જમીન તેઓની સંયુકત માલિકી, પ્રત્યક્ષ કબજા, વહીવટ–વ્યવસ્થા, ભોગવટાની તેમજ નકરજી, નબોજી ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી તમામ પ્રકારના બોજા રહિત હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહું જમીનો ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હકક/હિસ્સા, દર/દાવા, જપ્તી, અવલ/જપ્તી, લેણું–બોજા, સોદા, સાટાખત, પાવર ઓફ એટર્ની યા કોઈ કોર્ટ પ્રકરણો વિગેરે હોય, તો તેમણે કાયદેસરના લેખીત પુરાવા સહીત દીન–૭ માં તે અંગેની સંપુર્ણ ખાત્રી રૂબરૂ મળી હમોને કરાવવી. મુદત વિત્યા બાદ સદરહું જમીનોમાં કોઈના કોઈપણ પ્રકારના હિત, સબંધ, હક, હિસ્સા કે લાગભાગ, દર/દાવા વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે. એમ માની લઈ મારા અસીલ મજકુર માલિકો પાસેથી વેચાણ અંગેના વ્યવહારો કરી, જરૂરી કાયદેસરના લખાણો કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર તકરાર, વાંધો, વિરોધ ચાલશે નહી. તેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી. તા. ૧૬/૧૦/૨૦૨૬

૨૦૨, રાજદીપ કોમ્પલેક્ષ, સીગણપોર ચાર રસ્તા, વેડરોડ, કતારગામ રોડ, સુરત. મો.નં. ૯૯૨૪૬ ૪૧૦૨૮

ધવલ એ. ભલાણી

તે ખરીદનાર અમીતભાઈ જીવરાજભાઈ લુખીના એડવોકેટ

(અસીલની સુચના અને ફરમાઈશથી)

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, મજુરા સબ-ડિસ્ટ્રીકટ, મોજે **ખજોદ** ના **રે.સ.નં. ૭૪/૩, બ્લોક નં. ૧૨૦, ખાતા નં. ૩૭૫** થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનું રેવન્યુ રેકર્ડ મુજબનું ક્ષેત્રફળ હે.આરે.૦-૨૦-૨૩ ચો.મી. યાને ૨૦૨૩ ચો.મી. છે. જેનો આકાર રૂા. ૩.૧૨ પૈસા છે. તે જુની શરતની ખેતીની જમીન **પૈકી વણ-વહેંચાયેલ હિસ્સાની હે.આરે.૦-૦૨-૯૯.૭૨ ચો.મી. યાને ૨૯૯.૭૨ ચો.મી. ક્ષેત્રફળ વાળી જમીન ઠાકોરભાઈ મીઠાભાઈ તથા ઈશ્વરભાઈ મીઠાભાઈ** ના નામે રેવન્યુ રેકર્ડ દફતરે આજદિને ચાલે છે. તેઓ સદરહુ જમીનના એકલા, સ્વતંત્ર અને સંપુર્ણ માલીકો, પ્રત્યક્ષ કબજેદારો હોવાનું તથા સદરહું જમીન ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી, હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત, વંશ-વાલી-વારસો, ઇસમ, બેંક, સંસ્થા, ઈન્કમટેક્ષ કે કોઈપણ સરકારી/અર્ધ-સરકારી/સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓનો કોઈપણ પ્રકારનો હકક-હિત-હિસ્સો કે લાગ-ભાગ, દર-દાવો કે લીયન હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં તે બાબતના પુરાવા સહિત અમોને નીચેના સરનામે લેખીત જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો અમારા અસીલ સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત, વંશ-વાલી-વારસો, ઇસમ, બેંક, સંસ્થા, ઈન્કમટેક્ષ કે કોઈપણ સરકારી/અર્ધ-સરકારી/સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓનો કોઈપણ પ્રકારનો હકક-હિત-હિસ્સો કે લાગ-ભાગ, દર-દાવો નથી અને જો હોય તો તે આથી જતા કર્યા છે એમ માનીને સદરહું જમીનનો કિંમતી વેચાણ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ તથા અન્ય કાયદેસરના લખાણો ઉપરોકત જમીનના માલીકો પાસેથી કરાવી લેશે. ત્યારબાદ, કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની આથી લાગતાં-વળગતાં તેમજ જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૧૫/૧૦/૨૦૨૬

અલ્કેશ એન. ઠક્કર તે ખરીદનારના એડવોકેટ & નોટરી

સરનામું: ૨૩૬, કેનાલ વોક શોપર્સ, પાલનપોર કેનાલ રોડ, પાલનપોર, સુરત. મો. ૯૯૨૫૧–૩૩૨૨૫ ટેલી.નં. ૦૨૬૧–૨૭૩૨૭૩૪

જાહેર નોટીસ

રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો **ઓલપાડ**, મોજે ગામ **સાયણ** ના ખાતા નંબર : ૫૮૫, રેવન્યુ સર્વે નંબર : ૧૮૧, ૧૮૨, ૧૮૩ પૈકી, **બ્લોક નંબર : ૩૦૯** વાળી સુમારે હે.૧ આરે ૩૪, ૫૬ ચોરસ મીટર ક્ષેત્રફળ વાળી બીનખેતીની જમીન **(૧) પ્રિતીબેન શાંતુભાઈ (૨) ખુશ્બુકુમારી શાંતુભાઈ (૩) ત્રિશાલાકુમારી શાંતુભાઈ** ની સંયુકત માલીકી, કબજા, ભોગવટા હેઠળની ચાલી આવેલ હોવાનુ જણાવી, તેઓએ અમારા અસીલને વેચાણ આપવાનુ નક્કી કરેલ છે. સદરહુ ઉપરોકત વર્ણન અને વિગત વાળી જમીનમાં કોઈપણ વ્યકિત, બેંક, સંસ્થાને કોઈપણ પ્રકારનો વાંધો–વિરોધ, લાગભાગ, હકક, હીત, સંબંધ કે દાવો, લીયન બોજો કે સાટાખત કે અન્ય કોઈપણ પ્રકારના લખાણો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દીન–૭ માં અમોને લેખીત પુરાવાઓ લઈ મળવુ, તેમ થવામા કસુર થયેથી સદરહુ ઉપરોકત વર્ણન અને વિગત વાળી જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો–વિરોધ, તર–તકરાર, લાગભાગ, હકક, હીત કે બોજો કે સાટાખત કે અન્ય કોઈપણ પ્રકારના લખાણો નથી અને હોય તો તે છોડી દીધેલ છે તેમ માની, સદરહુ ઉપરોકત વર્ણન અને વિગત વાળી જમીનના માલીકો **(૧) પ્રિતીબેન શાંતુભાઈ (૨) ખુશ્બુકુમારી શાંતુભાઈ (૩) ત્રિશાલાકુમારી શાંતુભાઈ** ને પુરેપુરો વેચાણ અવેજ ચુકવીને સદરહુ ઉપરોકત વર્ણન અને વિગત વાળી જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મારા અસીલના નામે કરી કરાવી લેવામા આવશે. ત્યાર બાદ કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર, વાંધો વિરોધ, દાવા–દુવી અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફિસ : ૩૦૩, પાર્ક એવન્યુ, શ્રીધર પેટ્રોલ પંપ પાછળ, પોદ્દાર આર્કેડ થી લંબે હનુમાન રોડ, વરાછા, સુરત. મો. ૯૮૨૫૫ ૬૭૬૨૪

હર્ષદકુમાર બી. વાડદોરીયા

તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આ જાહેર નોટીસ દ્વારા આથી જણાવવાનું કે **જી. સુરત. તા.મજુરાના મોજે પીપલોદના રે.સ.નં. ૪૯, ટી.પી. સ્કીમ નં.૬ (પીપલોદ), ફા.પ્લોટ નં. ૮૨, હિસ્સા એફ પૈકીથી નોંધાયેલી બિનખેતીની જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. એફ-૪, જેનું ક્ષેત્રફળ ૨૨૩.૭૦ ચો.મી. છે તે જમીન તથા ફાળે પડતા રસ્તાની વણવહેંચાયેલા હિસ્સાની ૭૦.૯૭ ચો.મી. જમીન સહિત મળી કુલ્લે ૨૯૩.૭૬ ચો.મી. છે તે જમીન, જેને સીટી સર્વે દફતરે વોર્ડ : પીપલોદ, સીટી સર્વે નં. ૯૬૩ ફાળવવામાં આવેલ છે તે મિલકત મૂળ રતીલાલ છોટાલાલ ગાંધીએ તા.: ૧૧.૯.૨૦૦૪નાં રોજના રજી. વેચાણ દસ્તાવેજ નં. ૯૪૨૦ની રૂએ ખરીદ કરેલી. તેઓ તા.: ૧.૧.૨૦૧૦નાં રોજ ગુજરી ગયેલા અને તેમણે તેમના ગુજરતા અગાઉ તા.: ૨૪.૮.૨૦૦૭નાં રોજ કરેલ તેમના રજી.વીલ નં. ૧૦૭૧૯ની રૂએ મજકુર મિલકતના માલિક રેખાબેન નવીનચંદ્ર ચલીયાવાલા થયેલા અને તેઓનું નામ સીટી સર્વે તફતરે હાલ ચાલી આવેલ છે. મજકુર રેખાબેન નવીનચંદ્ર ચલીયાવાલા પાસેથી મજકુર મિલકત હમારા અસીલ વેચાણ રાખવા માંગે છે.** ઉપર જણાવેલી જમીનમાં તેઓ સિવાય અન્ય કોઈના કોઈપણ પ્રકારના હકક, હિત, લાગભાગ, હિસ્સો, કબજો, ગીરો, લિયન, વગેરે હોય યા કોઈ બેંક કે નાણાંકીય સંસ્થાનો બોજો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭ (સાત)** માં લેખિત પુરાવાઓ સહિત અમને લેખિતમાં જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો તેઓ સિવાય મજકુર જમીનમાં ઉપર જણાવેલા તેના માલિક સિવાય અન્ય કોઈના હકક, હિત નથી અને હોય તો તે જતા કર્યા છે એટલે કે ''વેઈવ'' કર્યા છે, તેમ ગણી મુદ્દત વીત્યે કોઈની તર-તકરાર કે વાંધા ચાલશે નહીં અને મુદ્દત વીત્યે હમારા અસીલ મજકુર મિલકત અંગેના પાકા લખાણો કરાવી લેશે તેની તમામ લાગતાં વળગતાંઓએ નોંધ લેવી.

ઓફીસ નં. ૫૧૧, સેન્ટ્રલ બિઝનેસ હબ, પાર્લે પોઈન્ટ, સુરત.

મનિષ જે. ગાંધી
હિરેન એચ. પટેલ

તે ખરીદનારના એડવોકેટ

અનુસંધાન... પાના પહેલાનું

દિલ્હી ડાયરી...

ટાસ્ક ફોર્સની જાહેરાત કરવામાં આવી હતી. જોકે, તેમણે અહેવાલની સામગ્રીનો ખુલાસો કર્યો ન હતો, પણ તેમણે કહ્યું કે વડા પ્રધાન તેમના નિર્ણયનો અમલ કરવા માટે ખૂબ જ આતુર છે. તેમણે વધુમાં સૂચવ્યું કે કમ્પ્યુટર આધારિત પરીક્ષણો (સીબીટી) માટેના સ્થાનોની સંખ્યા વધારવી જોઈએ.

ઇન્ડિયા બ્લોકની ટી-પાર્ટીમાં સીજેપી ગેરહાજર

શું કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ સોમવારે સુપ્રીમ કોર્ટ તરફ માર્ચ કરનારા આઈ.એન.ડી.આઈ.એ. (ઇન્ડિયા) બ્લોકના નેતાઓ, વિદ્યાર્થીઓ, યુવા કાર્યકરો અને સામાજિક સંગઠનો માટે યોજેલી ટી-પાર્ટીમાં કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના નેતાઓને આમંત્રિત કર્યા હતા? જોકે, આઈસા (એઆઈએસએ) પ્રમુખ કુમારી નેહા બોરા સહિત રાજકીય પક્ષો સાથે સંકળાયેલા વિવિધ વિદ્યાર્થી યુનિયનોના યુવા નેતાઓ અને યોગેન્દ્ર યાદવ જેવા સામાજિક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા, પરંતુ સીજેપીના નેતાઓ આસપાસ જોવા મળ્યા ન હતા. મુખ્ય ચૂંટણી કમિશ્નર જ્ઞાનેશ કુમાર સામે થઈ રહેલા તમામ વિરોધ પ્રદર્શનો એક જ છે તેવા ગાંધીના જાહેર નિવેદનને ધ્યાનમાં રાખીને સવાલો ઊભા થઈ રહ્યા હતા. જોકે ગાંધીના નજીકના વર્તુળો કે કોંગ્રેસ વર્તુળોમાંથી આ અંગે કોઈ માહિતી મળી નથી, પરંતુ અફવાઓ એવી છે કે સીજેપી નેતાઓને ટી-પાર્ટીમાં આમંત્રિત કરવામાં આવ્યા હતા. જોકે, તેમનું સમગ્ર સર્વોચ્ચ નેતૃત્વ કાં તો દિલ્હી બહાર હતું અથવા તો દિલ્હી પોલીસ દ્વારા અટકાયત હેઠળ હતું, જેથી તેઓ હાજરી આપી શક્યા ન હતા. સીજેપીના સ્થાપક દીપકે તેમના દાદીના અચાનક અવસાનના કારણે મહારાષ્ટ્ર જવું પડ્યું હતું, જ્યારે અન્ય ત્રણ ટોચના નેતાઓ આશુતોષ રાંકા, સૌરભ દાસ અને અર્જિક્ય શિંદેની પોલીસે અટકાયત કરી હતી. રસપ્રદ વાત એ છે કે બંને પક્ષોએ આ મુદ્દે મૌન જાળવી રાખ્યું છે.

રાહુલ ગાંધીના નિવાસસ્થાને હાઈ-ટી પાર્ટીનું આયોજન

મંગળવારે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના સુનહરી બાગ સ્થિત નિવાસસ્થાને યોજાયેલી હાઈ-ટી પાર્ટી એ ઇન્ડિયા બ્લોકના નેતાઓ દ્વારા કરવામાં આવી રહેલા શેરી વિરોધ પ્રદર્શનોમાંથી એક સુખદ પરિવર્તન સમાન હતી. તેમાં પીરસવામાં આવેલો નાસ્તો હાજર રહેલા નેતાઓમાં ખૂબ જ લોકપ્રિય રહ્યો હતો. કનોટ પ્લેસમાં આવેલી અને ઇન્દિરા ભવન સ્થિત નવા એઆઈસીસી મુખ્યાલયમાં પણ કેન્ટીન ચલાવતી મોએટ્સ રેસ્ટોરન્ટ દ્વારા કેટરિંગ કરવામાં આવ્યું હતું, જેમાં ઉત્તર ભારતીય નાસ્તા અને મિઠાઈઓનું સારું મિશ્રણ સામેલ હતું. ગાંધી પરિવારે અલ્પાહાર માટે જૂની દિલ્હીની એક દુકાનમાંથી સમોસા અને ચાટ મંગાવ્યા હતા, જે ગાંધીના પ્રિય છે.

સ્પર્ધાત્મક લાભ...

પરિણામોના આધારે પરસ્પર સંમતિથી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવશે. વાણિજ્ય સચિવે બિન-બજારકીય નીતિઓ દ્વારા ઊભી થતી વધુ ઉત્પાદન ક્ષમતા અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી અને જણાવ્યું હતું કે ભારત પણ વૈશ્વિક વેપારને નુકસાન પહોંચાડતા આવા પરિબળો સામે સખત વિરોધ નોંધાવી રહ્યું છે. અમેરિકી વિદેશ મંત્રી માર્કો રૂબિયો આગામી સપ્તાહે ભારતની મુલાકાતે આવવાના છે, ત્યારે આ કરારને લઈને વધુ સ્પષ્ટતાઓ સામે આવે તેવી સંભાવના છે. આ ઉપરાંત, ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચેનો મુક્ત વેપાર કરાર આ વર્ષના ડિસેમ્બર મહિનામાં સહી થવાની સંભાવના છે, જે આગામી વર્ષે ફેબ્રુઆરી કે માર્ચથી અમલી બનશે.

મોટા મુદ્દાઓ...

માત્ર 1.5 વર્ષમાં અકલ્પનીય ઝડપે આગળ વધી રહ્યા છીએ. મને સંપૂર્ણ વિશ્વાસ છે કે આપણે આ કરાર સફળતાપૂર્વક પાર પાડીશું. સર્જિયો ગોરની આ ટિપ્પણી એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે આ નિવેદન અમેરિકી વિદેશ મંત્રી માર્કો રૂબિયોની આગામી ભારત મુલાકાતના થોડા દિવસો પહેલા જ સામે આવ્યું છે.

South Africa માં રહેતા - Suleman Dockrat ની જમીન અંગે સાળા-બનેવીનો "ORGANIZED CRIME"

કછોલી, બ્લોક નં.૧૫૪,૨૭૫ અંગે સ્પષ્ટતા.....

South Africa માં રહેતા Suleman Dockrat ની સહમાલીકીની જમીન મોજે ગામ કછોલી, તા. ચોર્યાસી, જી. સુરતના બ્લોક નંબર - ૧૫૪ તથા ૨૭૫ થી ચાલી આવેલી છે.

Suleman Dockrat સાઉથ આફ્રિકા સ્થાયી થયા બાદ, ભારત દેશમાં આવેલા નથી. તેમણે કયારેય કોઈ વ્યકિતને તેમના વતી મોજે ગામ - કછોલીના બ્લોક નં. ૧૫૪ તથા ૨૭૫ વાળી જમીન અંગે કોઈપણ પ્રકારના કાર્યો કરવાનો અધિકારપત્ર / Power of Attorney આપેલ નથી.

Suleman Dockrat ની ખોટી - બનાવટી - ઉપજાવી કાઢેલી સહીના આધારે તૈયાર કરવામાં આવેલ **પાવર ઓફ એર્ટનીના પાવરદાર - અબુબકર અબ્દુલમજીદ વૈદ્ય, રહેવાસી: મુ.પો. સીમલક, તા.જલાલપોર, જી.નવસારી નાઓ પોતે કયારેય South Africa** માં મારા પિતા Suleman Dockrat **ને મળ્યા નથી** - બંને વ્યકિતઓ વચ્ચ કોઈ પારિવારિક સંબંધો નથી.

Suleman Dockrat ના નામનો ફોર્જડ પાવર ઓફ એર્ટનીના આધારે બનાવટી- પાવરદાર **અબુબક્કર અબ્દુલમજીદ વૈદ્ય** નાઓએ મોજે ગામ - કછોલીના બ્લોક નં.૧૫૪ તથા ૨૭૫ વાળી જમીનોના વેચાણ દસ્તાવેજ **ઈસ્માઈલ સુલેમાન, રહે: મુ.કછોલી, તા.ચોર્યાસી, જી.સુરત**નાઓને કરી આપેલ છે.

સુરતની સબ-રજીસ્ટ્રારની કચેરી (ચોર્યાસી)માં સબ-રજીસ્ટ્રાર N. B. Ninama રૂબરૂ અનુ.નં- ૬૩ તથા ૬૨ તા.૨૦/૧/૨૦૧૫ થી રજૂ થયેલ દસ્તાવેજો બે વર્ષ સુધી પેન્ડીંગ રહેલા જેની નોંધણીની પ્રક્રિયા તા.૨૭/૪/૨૦૧૭ ના રોજ સબ-રજીસ્ટ્રાર K.P.Parmar દ્વારા સંપુર્ણ થયેલ.

સને ૨૦૧૫ માં રજૂ થયેલા અને સને ૨૦૧૭ માં નોંધણી થયેલા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજમાં સહી વગરના ફોર્મ અને પાવર ઓફ એર્ટનીની ખરાઈ સહીતના કાયદેસરના પ્રબંધો અનુસર્યા વગર કરવામાં આવેલી કાર્યવાહી "Organized Crime" ના મેળાપીપણાની કડી સમાન છે.

Suleman Dockrat ના એકમાત્ર વારસદાર તરીકે હું - Mohamed Suleman Dockrat ભારત, સુરત ખાતે આવીને **બનાવટી પાવરદાર - ખરીદનાર (સાળા-બનેવી) વિરૂધ્ધ ફરિયાદ કરી છે.**

મારા પિતા - Suleman Dockrat ની સહીના નમૂના - બનાવટી પાવર ઓફ એર્ટની - દસ્તાવેજ તેમજ કેટલાક અધિકારીઓ દ્વારા કાયદેસરની પ્રક્રિયા અનુસર્યા વગર કરવામાં આવેલી કાર્યવાહીઓની તપાસમાં સાચી હીકકતો ખુલશે.

મોજે ગામ-કછોલીનાં બ્લોક નંબર ૧૫૪ તથા ૨૭૫ માં Suleman Dockrat નાં વણવહેંચાયેલા હિસ્સા અંગે કોઈપણ વ્યકિતએ મારા - Mohamed Suleman Dockrat સિવાય અન્ય કોઈપણ વ્યકિત સાથે કોઈપણ પ્રકારના વ્યવહાર કરવા-કરાવવા નહીં.

જાણતા-અજાણતા નિર્દોષ ઈસમોએ કાનૂની કાર્યવાહીમાં ઉતરવું ન પડે તેવા શુભઆશય માત્રથી જાહેર જનતાના હિત અર્થે જાહેર નોટીસની પ્રસિધ્ધી કરાવેલ છે.

મારી મારફત :

નીલકંઠ વાય. બારોટ (એડવોકેટ)

૩૦૩, **॥સત્યમ॥** રિધ્ધી શોપર્સ, સ્ટાર બજાર સામે, અડાજણ-પાલ રોડ, સુરત. મો.નં. ૯૮૨૫૧૩૧૫૨૩

મારી સહીથી -

Mohamed Suleman Dockrat

(Passport No. A11435866)

South Africa

પશ્ચિમ રેલવે

પે એન્ડ યુઝ સામાન્ય ટોઈલેટ બ્લોક્સ

મુંબઈ મંડળ હેઠળ સામાન્ય પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક્સના સંચાલન અને જાળવણી માટેના કોન્ટ્રાક્ટ માટે ACM (G) - MMCT દ્વારા ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવી છે. ઓક્શન કેટેલોગ નંબરઃ MMCT-PnUT-26-32. કોન્ટ્રાક્ટનો પ્રકારઃ સામાન્ય કોન્ટ્રાક્ટ. કેટેગરીઃ પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક્સ. સ્ટેશન અને લોકેશનઃ ઉધના સ્ટેશનના નવા હોલ્ડિંગ એરિયા પૂર્વ ખાતે નવા ટોઈલેટ બ્લોક્સ (A). કોન્ટ્રાક્ટનો સમયગાળોઃ 3 વર્ષ. ઈ-હરાજીની તારીખઃ 26.10.2026. ઈ-હરાજીનો સમયઃ 15:00 કલાક નોંધઃ સંભવિત બિડર્સને વિનંતી છે કે તેઓ IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઈ-ઓક્શન લિઝિંગ મોડ્યુલની મુલાકાત લો. ઉલ્લેખિત કેટેલોગ હેઠળ લોટ મુજબની વિગતો ત્યાં ઉપલબ્ધ છે. પ્રારંભિક કુલિંગ ઓફ પીરિયડ 30 મિનિટ છે. એક પછી એક લોટ બંધ થવાનો અંતરાલ 10 મિનિટ છે. લોટ મુજબ બંધ થવાનો સમય IREPS ના ઈ-ઓક્શન મોડ્યુલમાં જોઈ શકાય છે. 0706

અમને લાઈક કરો: facebook.com/WesternRly

મિલકતના ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે **સુરત** ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તાલુકાઃ- **પુણાના** મોજે **ગામ/વોર્ડઃ- કુલપાડાના રે.સર્વે નં.૧૩૧/૨,** થી નોંધાયેલ બીનખેતીની જમીનમાં આયોજીત **"સરસ્વતી સોસાયટી"**ના નામથી ઓળખાતી સોસાયટીમાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં: ૨૯ (જેનો સીટી સર્વે નં.૯૮૬૮)** વાળી મિલકતની હાલની માલિકી **સંજયભાઈ સવજીભાઈ ગજેરા**ની ચાલી આવેલ છે. સદરહુ મિલકતના માલિક પાસેથી **અગાઉના અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૫૩૯૪ તા.૧૬-૦૫-૧૯૮૮ ની ફકત અસલ રજીસ્ટ્રેશન ફી રસીદ** ગેરવલ્લે યાને ગુમ થયેલ હોવાનું જણાવી અમો કનેથી સદરહુ મિલકતનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદરહુ મિલકત બાબતે કોઈને કોઈપણ પ્રકારનો વાંધા વિરોધ અવરોધ અટકાયત, કોઈ કોલ-કરાર, દરદાવો, હકક, હીત, હીસ્સો, દાવાદુવી કે અન્ય કોઈપણ પ્રકારનું હકક-હીત-હિસ્સો કે તર-તકરાર અથવા કોઈ નાણાંકીય સંસ્થાનો ચાર્જ યાને બોજો હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી **દિન-૭માં** લેખિત પુરાવા સહિત નીચે જણાવેલ સરનામાં ઉપર જાણ કરવી મુદત વિત્યે કોઈના કોઈપણ જાતના વાંધા વિરોધ અવરોધ આવશે નહીં તો સદરહુ જમીન-મિલ્કતનું અમો એડવોકેટસ ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને સદરહુ જમીન-મિલ્કત અમારા અસીલ બેંક ઈક્વીટેબલ મોર્ગેજ(ગીરોમાં)લેશે અને પાછળથી કોઈના કોઈપણ જાતના વાંધા ચાલશે નહીં અને સદરહુ મિલ્કત ઉપર અમારા અસીલ બેંકનો પ્રથમ ચાર્જ રહેશે. જેની આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓએ નોંધ લેવી. તા.૧૬-૧૦-૨૦૨૬

ઓફિસ નંબરઃ ૪૦૧૩,સેન્ટ્રલ બાઝાર, વરાછા પોલિસ સ્ટેશનની સામે,વરાછા,સુરત મોઃ ૯૮૨૪૭-૨૧૦૦૨

સુજીત બી.રામોલીયા

એડવોકેટ એન્ડ નોટરી

-:: જાહેર નોટીસ ::-

જત મારા અસીલણ **શ્રીમતી દેજેશ્રીબેન રસિકભાઈ પટેલ**ે એક મિલકત યાને **સુરત ડિસ્ટ્રીકટ** સીટી સબ ડિસ્ટ્રીકટનાં શહેર સુરતનાં મોજે અડાજણનાં રે.સ.નં. ૨૧૯ વાળી પૈકી ટી.પી. સ્કીમ નંબર – ૧૩, ફાઈનલ પ્લોટ નં. ૩૮, પ્લોટ નં. ૩૦ અને ૩૧ વાળી જમીન ઉપર '' સિન્ડીકેટ ફ્લેટ્સ એસોસીએશન'' દ્વારા બાંધવામાં આવેલ ''હરિઓમ કોમ્પલેક્ષ''ના ચોથા માળે આવેલ ફ્લેટો પૈકી ફ્લેટ નં. ૧૬ વાળી મિલકત કે જેનું સુમારે ક્ષેત્રફળ ૫૫૦ સમચોરસ ફૂટ યાને ૫૧.૦૯ ચો.મી. જેનું બિલ્ટઅપ એરિયા મુજબ ક્ષેત્રફળ – ૪૦.૫૭ ચો.મી. છે કે જેનું સુરત મ્યુનિસિપલ ટેનામેન્ટ નંબર : ૦૧૭બી–૧૨– ૬૯૬૫–૦–૦૦૧ છે અને સુરત મહાનગરપાલિકા દફતરે નોંધાયેલ આકારણી મુજબનું ક્ષેત્રફળ - ૪૩.૪૬ સમચોરસ મીટર ચાલી આવેલ છે તે મિલકત યાને ફ્લેટના માલિક **દત્તાત્રેય બાબુરાવ કદમ**ના પાસેથી ખરીદેલ છે અને જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. સુરતનાં સબ-રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં ૧ નંબરની બુકમાં **અનુક્રમ નંબર– ૨૨૮૩૫ થી તા. ૨૧/૦૭/૨૦૨૬ના રોજ નોંધાયેલ અને તે વખતે સદરહુ સોસાયટી તરફથી ફાળવવામાં આવેલ શેર સર્ટીફિકેટ નંબર – ૧૭, શેરની સંખ્યા –૪, અનુક્રમ નંબર– ૬૩ થી ૬૬** ફાળવવામાં આવેલ તથા એક એલોટમેન્ટ લેટર કે જે તા. ૧૬/૧૦/૧૯૯૫નાં રોજ ફાળવવામાં આવેલ હતો. જે વેચનારશ્રી **દત્તાત્રેય બાબુરાવ કદમ** પાસેથી ગુમ થઈ ગયેલ અગર ગેરવલ્લે થઈ ગયેલ હોવાની હકીકત જણાવવામાં આવેલ છે જેથી મજકુર શેર સર્ટીફિકેટ તથા એલોટમેન્ટ લેટર કોઈની પાસે હોય કે તે બાબતે હરકોઈને હરકોઈ જાતનાં વાંધોવચકો હોય તો તે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી **દિન– ૦૭ (સાત)**માં હમો એડવોકેટશ્રીની ઓફિસને જાણ કરવી. મુદ્દત વિત્યે મારા અસીલણ શેર સર્ટીફિકેટ તથા એલોટમેન્ટ લેટર મેળવવા અંગે સોસાયટી તથા અન્ય સરકારી દફતરે જરૂરી કાર્યવાહીઓ કરનાર છે. જેની આથી લાગતા-વળગતા તથા જાહેર જનતાએ નોંધ લેવી. તા. ૧૬/૧૦/૨૦૨૬

એમ. જી. ટેલર તથા **ઝૈદ એસ. ટેલર** તે ખરીદનારનાં એડવોકેટ્સ

ઓફિસ : ૨, મેઝેનાઈન ફ્લોર, ''શકીલ ચેમ્બર્સ'', જુની સિવિલ હોસ્પિટલ પાછળ, ચોકબજાર, સુરત–૩૯૫ ૦૦૧. (મો.): ૯૯૨૫૫ ૯૩૪૧૩ / ૮૫૧૧૮ ૧૮૫૪૪

વેચાણ અંગેની જાહેર નોટીશ

મોજે સુણેવખુર્દનો જુનો બ્લોક/સર્વે નં.૮૮૮, નવો બ્લોક/સર્વે નં.૯૫૮ વાળી ખેતીની જમીન અંગે

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે ભરૂચ ડિસ્ટ્રીકટ હાંસોટ સબ ડિસ્ટ્રીકટ **મોજે સુણેવખુર્દ** માં આવેલ જમીન જેનો ખાતા નંબર ૮૧૯, જુનો બ્લોક/સર્વે નં.૮૮૮ પ્રમોલગેશન બાદ **નવો બ્લોક/સર્વે નં.૯૫૮** જેનું સુમારે કુલ ક્ષેત્રફળ હે.આરે. ૦-૨૧-૧૧ ચો.મી. જેનો આકાર રૂા.૧.૯૦ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીનના સ્વતંત્ર માલીક **દલસુખભાઈ ડાહયાભાઈ**એ મજકુર જમીન પોતાની સ્વતંત્ર માલિકી અને ટાઈટલ કલીયર હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે અને ટુંક સમયમાં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરનાર છે. જે સંજોગોમાં આ નોટીસ થકી જણાવવાનું કે ઉપર જણાવેલી મિલકત બાબતે કોઈનો કોઈપણ જાતનો હક્ક-હિત, હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો, મોર્ગેજ, ટાંચ, લખાણ વિગેરે હોય તો તેઓએ દિન-૭ માં દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને લેખીતમાં ખુલાસો કરવો ત્યારબાદ સદરહું મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો હક્ક-હિત, હિસ્સો, કબજો રહેલ નથી તથા તેવા તમામ હક્કો જતા કરેલ યાને વેઈવ થયેલ છે એમ સમજી અમારા અસીલ મુદત વિત્યે વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર, દર દાવો ચાલશે નહી. જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી. (તા. ૧૬/૧૦/૨૦૨૬)

અમારા અસીલની સુચના અને ફરમાઈશ અન્વયે

ઓફિસઃ ૧, આસ્થા એવેન્યુ, હાંથીસા રોડ, ઓલપાડ, તા. ઓલપાડ, જી. સુરત–૩૯૪૫૪૦. મો. ૯૭૨૫૧–૪૪૭૪૩

ભાવિક ડી. પટેલ

તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગે ટાઈટલ કલીયરન્સની જાહેર નોટીસ

-:: જમીનની વિગત ::-

જીલ્લો	તાલુકો	ગામનું નામ	જુનો બ્લોક નંબર	નવો બ્લોક નંબર	ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.
ભરૂચ	હાંસોટ	આંકલવા	૫૬૮	૨૧૯	૦–૪૫–૦૨

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે ઉપર કોષ્ટકમાં જણાવેલ જમીનવાળી ખેડખાતાની અસલ જુની શરતની જમીન તે ખેતીની જમીન તથા તેમાં આવેલા ઝાડ, પાન, બિડ, શેઢા સમેતની જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તથા ઉપર આકાશથી નીચે પાતાળ સુધીના તમામ હકક-અધિકાર સહિત જમીનના માલીક **અંબારામ દુર્લભભાઈ** એ પોતાની સ્વતંત્ર માલીકી, પ્રત્યક્ષ કબજા-ભોગવટા વહીવટ હેઠળની હોવાનું જણાવી, તથા ચોખ્ખી અને માર્કેટેબલવાળી હોવાનુ જણાવી મારા અસીલ ને વેચાણ આપવાનું નકકી કરેલ છે જેથી સદરહુ જમીન બાબતે કોઈ વ્યકિત, બેંક યા સંસ્થાના લાગભાગ, હકક, હિત, કબજો, દર-દાવા, લીયન, ચાર્જ, લેણાં યા બોજા, ગણોત હકક, ખોરાકી પોષાકીના હકક, ભરણ પોષાકીના હકક, રસ્તા વાપરવાનાં હકક યા ઈઝમેન્ટનાં હકક હોય તો તે અંગે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમોને આધારભુત પુરાવા સહિત લેખિતમાં જાણ કરી, ખાત્રી કરાવી જવી. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદરહું જમીનમાં કોઈના કોઈપણ પ્રકારના હકક, હિત, સંબંધ યા અધિકાર નથી અને હોય તો તે કાયમ માટે જતા યાને વેવ કર્યા છે તેમ માની મારા અસીલ સદર જમીનનો કાયદેસરનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને તેમા કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી તેની નોધ લેવી.

અમીત એચ. પટેલ તે ખરીદનારના એડવોકેટ

સરનામું : ઓફિસ નંબર : ૪૩૧, ટાઈમ સ્કેવર, ગૌરવપથ, પાલ, સુરત. મો.નં. ૯૭૩૭૭ ૧૨૩૦૪

-:: ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતા સર્વેને જણાવવાનું કે, જિલ્લે : નવસારી, તાલુકે : જલાલપોરના મોજે ગામ : પોંસરાના જૂનો સર્વે / બ્લોક નંબર : ૩૬૨, નવો સર્વે/ બ્લોક નંબર : ૪૪૦ થી નોંધાયેલી બિનખેતીની જમીન, જેનું સુમારે ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૯૩-૯૪ યાને ૯૩૯૪-૦૦ સમ ચોરસ મીટર છે તે જમીન તેના માલિક કૈલાસબેન અલ્પેશકુમાર કોટડીયાએ તમામ ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવા બાબતે હમો કનેથી ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માગણી કરેલ છે. જેથી સદરહુ મિલકતમાં જો કોઈનો કોઈ પણ રીતનો હક્ક, હિત, હિસ્સો કે દર-દાવો હોય તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન - ૭ માં તે અંગે લેખિત પુરાવા સહિત હમોને જાણ કરવી. તે બાદ કોઈનો કોઈ પણ જાતનો હક્ક, હિત, હિસ્સો કે દર-દાવો ન હોવાનું અને હોય તો તે છોડી દીધેલ હોવાનું માની માગ્યા મુજબનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે. તે બાદ કોઈની તર - તકરાર ધ્યાને લેવામાં આવશે નહીં તેની નોંધ લેવી.

મિતેષ એન. જરીવાલા (એડવોકેટ)

ઠેકાણું : ૬૦૭, છઠ્ઠો માળ, ધી સીટાડેલ, કેબલ બ્રિજની બાજુમાં, અડાજણ, સુરત. મો. ૯૮૨૫૧-૩૩૯૧૪.